सत्यमेव जयते

દાખલ તારીખ – ૧૭/૧૨/૨૦૨૫
નોંધ્યા તારીખ – ૧૭/૧૨/૨૦૨૫
**ફેંસલ તારીખ – ૦૩/૦૭/૨૦૨૬**
સમયગાળો – વર્ષ – માસ – દીવસ
૦૦ – ૦૬ – ૧૭

❖~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~❖

**પાટણના મે. એડી. ચીફ જ્યુ. મેજી. સાહેબની કોર્ટ મું. પાટણ.**

❖~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~❖

**ફોજદારી કેસ નં. ઃ– ૪૧૫૪/૨૦૨૫**
**આંક ઃ– ૨૮**

**ફરીયાદી ઃ–** **શ્રી સરકાર...**

**વિરૂધ્ધ**

**આરોપીઓ ઃ–**

(૧) **સાજીદ સાલેમહમદ અહેમદભાઈ સલાટ**
ઉ.વ.આ.૨૮, રહે. બારડપુરા ભક્તોની લીમડી,પાલનપુર,તા.પાલનપુર, જી.બનાસકાંઠા

(૨) **સજ્જાદ ઉર્ફે સજ્જુ સલીમભાઈ યાકુબભાઈ શેખ**
ઉ.વ.આ.૨૮, રહે. જુના ડાયરા વણકરવાસ, પાલનપુર,તા.પાલનપુર,જી.બનાસકાંઠા

(૩) **રીઝવાન ઉર્ફે લીટુ નૂરમંહમદ સુલેમાનજીવાભાઈ ખલીફા**
ઉ.વ.આ.૨૪, રહે. જુના ડાયરા ખોખરવાસ ઈમામખાના પાસે, પાલનપુર, તા.પાલનપુર, જી.બનાસકાંઠા

(૪) **રમજાન ઉર્ફે ડેરી રહીમભાઈ ફકીર મહંમદ સલાટ**
ઉ.વ.આ.૩૬, રહે.સોલંમદાજવાસ ભક્તોની લીમડી,પાલનપુર,તા.પાલનપુર, જી.બનાસકાંઠા

ગુનો ઃ **ભારતિય ન્યાય સંહીતા અધિનિયમ ૨૦૨૩ ની કલમ – ૩૦૩(૨), ૫૪, ૩૦૪ મુજબ..**

❖~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~❖

**ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી સી.એલ. દરજી**
**આરોપીઓ તરફે વિ.વ.શ્રી. કે.જે.પ્રજાપતિ**

❖~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~❖

## ❖~~ ઠ રા વ ~~❖

(૧) હાલના કામે ફરીયાદ પક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના તહોમતદારનાઓએ ભેગા મળી તા.૧૫/૧૧/૨૦૨૫ ના રોજ કલાક ૧૭/૩૦ થી ૧૮/૦૦ વાગ્યા દરમયાન પાટણ નવા બસ સ્ટોશન ખાતે અમદાવાદ દીયોદર વાળી બસમાં ચડવા ગયેલ આ કામના ફરીયાદી બેને ગળામાં પહેરેલ આશરે બે તોલાની સોનાની ચેઈન (દોરો) જે કિ.રૂા.૧,૯૪,૦૦૦/– ની હતી. જે સોનાની ચેઈન(દોરો) ખેંચી તોડી ચોરી કરી લઈ જઈ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી બી.એન.એસ ની કલમ ૩૦૩(૨), ૫૪, ૩૦૪ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો આ કોર્ટની હુકમતમાં કરેલ છે. તે અંગેની ફરીયાદ આ કામના ફરીયાદી રંજનબેન ઈશ્વરભાઈ ખીમજીભાઈ ઠક્કરનાઓએ પો. સ્ટે. દાખલ કરાવેલી. જે ફરીયાદ મુજબ પાટણ સીટી બી ડીવીઝન પો. સ્ટે. ગુના રજી. નં. ૧૧૨૧૭૦૨૦૨૫૦૯૫૫/૨૦૨૫ થી ગુનો દાખલ કરી તપાસ કરનાર અધીકારીએ તપાસ કરી તપાસના અંતે આરોપીઓ વિરૂદ્ધ આક્ષેપિત ગુનાનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આ કામે ચાર્જશીટ રજુ થયા બાદ આ કામના આરોપીઓને સમન્સ કાઢવામાં આવતા, તેઓ અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં, બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ અન્વયે આરોપીઓને તેમની સામેના કેસના પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરવામાં આવેલ છે અને આંક–૧૧ થી આરોપીઓ સામે ઉપરોકત ગુના અંગેનું તહોમતનામું ફરમાવી અને આંક–૧૨, ૧૩, ૧૪, ૧૫ થી આરોપીઓનો જવાબ લેવામાં આવતા તેઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરતા, ફરીયાદ પક્ષ તરફે પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**–:: મૌખિક પુરાવો ::–**

| અનુ. નં. | મૌખિક પુરાવાની વિગત | આંક નંબર |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | મૂળ ફરીયાદી રંજનબેન ઈશ્વરભાઈ ઠક્કર | ૧૭ |
| ૨. | હંસાબેન ભાઈલાલભાઈ ઠક્કર | ૨૦ |
| ૩. | દીપકભાઈ રાજુભાઈ રાવળ | ૨૫ |

## –:: દસ્તાવેજી પુરાવો ::–

| **અનુ. નં.** | **દસ્તાવેજી પુરાવાની વિગત** | **આંક નંબર** |
|---|---|---|
| ૧. | ફરિયાદી રંજનબેન ઈશ્વરભાઈ ઠક્કરનાઓએ આપેલ ફરિયાદ, તથા ઓનલાઈન એફ.આઈ.આર. ની નકલ. | |
| ૨. | ગુન્હાવાળી જગ્યાના પંચનામાંની નકલ. | ૨૬ |
| ૩. | મુદ્દામાલ રીકવરી પંચનામું. | ૨૭ |
| ૪. | ક્લોઝીંગ પુરશીસ. | ૨૧ |

(૪) ઉપરોકત પુરાવા બાદ આરોપીનું વિશેષ નિવેદન લેવા જેટલો પુરતો પુરાવો પડતો ન હોઈ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

(૫) ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી સી.એલ.દરજી તથા આરોપી તરફે વિ.વ.શ્રી કે.જે. પ્રજાપતિની મૌખિક દલીલો સાંભળી.

(૬) ઉપરોકત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

૧. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના તહોમતદારોએ આ કામના ફરીયાદી બેનના ગળામાંની સોનાની ચેઈન(દોરો) ખેંચી તોડી ચોરી કરી લઈ જઈ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી બી.એન.એસ ની કલમ–૩૦૩(૨), ૫૪, ૩૦૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

(૬) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**<u>ઃ કારણો ઃ</u>**

**ઃ મુદ્દા નં. ૧. ઃ**

(૭) સદર કામે ફરિયાદપક્ષ તરફે મૂળ ફરીયાદી રંજનબેન ઈશ્વરભાઈ ઠક્કર ને આંક – ૧૭ થી તપાસવામાં આવેલ છે. સદર ફરીયાદીની સરતપાસ જોતા હાલમાં ફરીયાદી નવસારી મુકામે રહે છે અને તેમને સંતાનમાં ત્રણ બાળકો છે ફરીયાદી ધોરણ–૬ સુધી ભણેલ છે ગઇ તા.૧૫/૧૧/૨૦૨૫ ના રોજ ફરીયાદી તથા હંસાબેન તેમજ ફરીયાદીના ભાભી લીલાબેન વિગેરે બધા તેમના જીજાજીને હોસ્પિટલ ખાતે દાખલ કરેલ હોય જેથી તેઓ બધા સમાચાર લેવા દીયોદરથી પાટણ આવેલ હતા અને દીયોદર પરત જવા સારુ નવા બસ સ્ટેશને ગયેલા અને તે વખતે તેઓ બધા બસમાં ચડવા ગયેલા અને તે વખતે બસના દરવાજામાં પેસેન્જરોની ભીડ હોય ધક્કામુક્કી થતા તે વખતે ફરીયાદીના ગળામાં – પહેરેલ બે તોલા સોનાની ચેઇન કોઈ અજાણ્યા ઇસમે ખેંચી લીધી જેથી આ બાબતની તેઓ બધાએ તપાસ કરતાં ચેઇન મળેલ નહી અને બસની અંદર તેમજ બસની બહારના ભાગે ચેઇન માટે શોધખોળ કરેલી પરંતુ ફરીયાદીની ચેઇન મળેલ નહી જેથી આ ચેઇન તેમની આશરે રૂપિયા એક લાખ વીસ હજારની હોય આ બાબતે ફરીયાદીએ બી ડીવી.પો.સ્ટે. ફરીયાદ કરેલી જે ફરીયાદની ખરી નકલ તેમને બતાવવામાં આવે છે જેમાં તેમની સહી છે જે આંક–૧૮ થી રજુ છે. તેમજ આ ફરીયાદ આપ્યા બાદ પોલીસે તેઓનું વિશેષ નીવેદન લીધેલુ. તેમજ જે તે વખતે ચેઇનની અંદરનુ પેન્ડલ ફરીયાદીના હાથમાં આવી ગયેલ ત્યારબાદ ફરીયાદના તપાસમાં પોલીસ દ્વારા કોઇ ઇસમો પાસેથી ફરીયાદીની આ સોનાની ચેઇન પોલીસે કબજે કરેલી જે ચેઇન અંગે ફરીયાદીને જાણ થતા તેઓએ આ મુદ્દામાલ પરત મેળવવા નામ.કોર્ટમાં અરજી કરેલી જે અરજી તેમને બતાવવામાં આવે છે તેમાં તેમની સહી છે જે આંક–૧૯ થી રજુ છે. આમ ફરીયાદીને તેમની સોનાની ચેઇન પરત મળી ગયેલ હોય જેથી તેઓ આ અંગે બીજી કોઇ કાર્યવાહી કરવા

માંગતા નથી. સદર ફરીયાદીની બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં ફરીયાદીએ સ્વીકારેલ છે કે, તેઓ બસમાં ચડતા હતા ત્યારે ઘણી બધી ભીડ હતી. એ વાત ખરી છે કે ફરીયાદીની રૂબરૂમાં પોલીસે કોઈ આરોપી પાસેથી ચેઈન રીવર કરેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે આરોપીઓ અંગે ફરીયાદીએ જે તે વખતે કોઈ વર્ણન કે શકમંદ વ્યકિતના નામ ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદીની ચેઈન તેઓને પરત મળી ગયેલ છે જેથી તેઓને બીજી કોઇ કાર્યવાહી કરવી નથી.

(૯) સદર કામે ફરિયાદપક્ષ તરફે સાહેદ હંસાબેન ભાઈલાલભાઈ ઠક્કરને આંક – ૨૦ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદની સરતપાસ જોતા ગઇ તા.૧૫/૧૧/૨૦૨૫ ના રોજ સાહેદ તથા રંજનબેન તેમજ સાહેદના ભાભી લીલાબેન વિગેરે બધા તેમના જીજાજીને હોસ્પિટલ ખાતે દાખલ કરેલ હોય જેથી તેઓ બધા સમાચાર લેવા દીયોદરથી પાટણ આવેલ હતા અને દીયોદર પરત જવા સારુ નવા બસ સ્ટેશને ગયેલા અને તે વખતે તેઓ બધા બસમાં ચડવા ગયેલા અને તે વખતે બસના દરવાજામાં પેસેન્જરોની ભીડ હોય ધકામુકી થતા તે વખતે સાહેદના બેન રંજનબેનના ગળામાં પહેરેલ બે તોલા સોનાની ચેઇન કોઇ અજાણ્યા ઇસમે ખેંચી લીધી જેથી આ બાબતની તેઓ બધાએ તપાસ કરતાં ચેઈન મળેલ નહી અને બસની અંદર તેમજ બસની બહારના ભાગે ચેઈન માટે શોધખોળ કરેલી પરંતુ સાહેદના બેનની ચેઈન મળેલ નહી જેથી આ ચેઈન આશરે રૂપિયા એક લાખ વીસ હજારની હોય આ બાબતે સાહેદના બહેન રંજનબેને બી ડીવી.પો.સ્ટે. ફરીયાદ કરેલી જે બાબતે પોલીસે સાહેદનો જવાબ લીધેલો. આ ચેઈન સાહેદના બહેન એટલે કે હાલના ફરીયાદીને પરત મળી ગયેલ છે. બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ બસમાં ચડતા હતા ત્યારે ઘણી બધી ભીડ હતી. એ વાત ખરી છે કે સાહેદની રૂબરૂમાં પોલીસે કોઈ આરોપી પાસેથી ચેઇન રીકવર કરેલ નથી.

(૧૦) આ કામે ફરીયાદીની ઉપરોકત જુબાની ઉપરાંત રજુ થયેલ પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આંક–૨૬ થી ગુન્હાવાળી જગ્યાનું પંચનામું

તથા આંક–૨૭ થી રીકવરી પંચનામું રજુ થયેલ છે. વધુમાં ઉપરોક્ત ગુન્હાવાળી જગ્યાનું પંચનામનાં એક પંચસાહેદને તપાસતાં સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલ છે. તેમજ ઉપરોકત બંને પંચનામાઓમાંથી આરોપીઓને આ ગુન્હા સાથે સાંકળતી કોઈ હકીકતો મળી આવતી નથી. ઉપરોકત બંને પંચનામાંઓ જોતાં ચોરાયેલ મુદ્દામાલ આરોપીઓના કબજામાંથી મળી આવેલ હોય તેવી કોઈ હકીકતો મળી આવતી નથી. વધુમાં ફરીયાદીની આંક–૧૭ થી કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતાં," પોલીસે તેમની રૂબરૂમાં કોઈ ઈસમ પાસેથી સોનાની ચેઈન(દોરો) કબજે કરેલ હોય તેવું બનેલ નથી. સદર સોનાની ચેઈન(દોરો) તેઓને પરત મળી ગયેલ છે. તેમણે તેમની ફરીયાદમાં કોઈ શકમંદ વ્યકિતના નામ પણ જણાવેલ નથી". આમ, ઉપરોકત પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેનાથી પણ આરોપીઓને આ ગુના સાથે સાંકળતો કોઈ પુરાવો મળી આવેલ નથી. આમ, ફરીયાદ પક્ષે રજુ થયેલ તમામ પુરાવો ધ્યાને લેતાં, તેમાં હાલના આરોપીઓએ જ આ કામના ફરીયાદીની સોનાની ચેઈન(દોરો) બનાવની તારીખે, બનાવના સ્થળેથી ચોરી કરેલ હોય તેવો કોઈ જ પુરાવો ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ નથી. તે સંજોગોમાં ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. સબબ મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદા નં.૨ અંગે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકતો હું નીચે મુજબનો હુકમ કરું છું.

## ❖~~ હુ ક મ ~~❖

(૧) બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧(૧) અન્વયે આ કામના આરોપીઓને બી.એન.એસ.ની કલમ–૩૦૩(૨), ૫૪, ૩૦૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે મુદ્દામાલ અંગે માલિકીની ખરાઈ કરી બિનશરતી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ અગાઉ વચગાળાના હુકમ ઉપર સોંપેલ મુદ્દામાલ કાયમી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

...૦૭..

(૩) આરોપીએ અગાઉ આપેલ જામીન બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબ આજથી છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૩ જી, માહે જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૩/૦૭/૨૦૨૬

પાટણ.

**(ધીરિન મનહરલાલ ચૌહાણ)**
**એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,**
**પાટણ**
Code No.GJ-01006

**DSS**